ગ્રામ્ય વિસ્તારમાં ગટર વ્યવસ્થા (ડ્રેઈનેજ)ની
કામગીરી માટે સ્પેશીયલ એમ્પાવર કમિટિની
પુન: રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આરએચબી – ૧૦–૨૦૦૮ – ૨૧૭ –વ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭/૩/૨૦૦૯

વંચાણે લીધા : (૧) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની તા.૨૪–૯–૦૮ ના રોજ મળેલ દશમા બોર્ડની પાત્રીસમી બેઠકના ઠરાવ નં. ૧૦–૩૫–૩૪.

(૨) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના તા.૪–૧૦–૦૮ના પત્ર નં. જીઆરએચબી / ટેક / પ્લાન / ડ્રેઈનેજ / વશી / ૨૮૪ /૨૦૦૮

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના તા.૧૧–૧૨–૦૮ ના પત્ર નં. જીઆરએચબી / ટેક / પ્લાન / ડ્રેઈનેજ / વશી / ૩૩૨ / ૨૦૦૮

(૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની તા.૨૧–૩–૨૦૦૯ની અવિધિસરની દરખાસ્ત.

આમુખ :

રાજયના ગ્રામ્ય વિસ્તારમાં ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈન (ડ્રેઈનેજ) ની વ્યવસ્થાનું માળખું અગ્રતાના ધોરણે ઊભુ કરવા સરકારશ્રીએ આયોજન કરેલ છે. રાજયના ગામડામાં ગ્રામ્યકક્ષાએ ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતાં ગામો તથા તાલુકા મથકોમાં ૧૦,૦૦૦ થી ઓછી વસ્તી હોય તેવા ગામો તેમજ આદિજાતિ (ટ્રાયબલ) વિસ્તારમાં ૭,૦૦૦ ની વસ્તીવાળા ગામોનો પ્રથમ તબકકામાં હાથ ધરવાનું ધોરણ રાખેલ છે ગ્રામ્ય વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલ માટે ગામડા માટેની માળખાગત સુવિધા ગ્રામ સચિવાલય યોજના અંતર્ગત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પ્લાન અન્વયે ગામડામાં ગટર લાઈન (ડ્રેઈનેજ) ની વ્યવસ્થા કરવા માટેની યોજના વિભાગના તા.૨–૩–૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : આરએચબી – ૧૦–૨૦૦૮–૪૪૦–વ, ના ઠરાવથી અમલી બનેલ છે. સદર યોજનાનું અમલીકરણ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા કરવાનું ઠરાવવામાં આવેલ છે.

ગામડા માટેની માળખાગત સુવિધા ગ્રામ સચિવાલય યોજના અંતર્ગત ગામડામાં ગટર લાઈન (ડ્રેઈનેજ) ની કામગીરી માટે રાજય સરકારશ્રીની મળનાર ગ્રાન્ટમાંથી ડ્રેઈનેજ ના કામો હાથ ધરવા માટે તજજ્ઞોની સેવાઓ લઈને ડ્રાફટ ટેન્ડર પેપર્સ તૈયાર કરી ટેન્ડરો બહાર પાડવાનું નકકી કરવામાં આવેલ છે સદર કામમાં ટેન્ડર મંજૂર કરવા માટે તથા જરૂરી વહીવટી અને નાણાંકીય તમામ નિર્ણયો લેવા અને ખર્ચ મંજૂર કરવા ચૂકવણા, અંગેના નિર્ણયો લેવા એક ખાસ કમિટિની રચના કરવાની જરૂરિયાત ધ્યાને લેતા વંચાણમાં લીધેલા સંદર્ભ–૧–૨–૩ થી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં સ્પેશીયલ એમ્પાવર કમિટિની રચના કરવામાં આવી છે.

ઠરાવ :

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની સ્પેશીયલ એમ્પાવર કમિટિની પુન: રચના કરવા ઉચ્ચ કક્ષાએ વિચારણા થતાં હવે નીચે મુજબની વિગતે રાજયકક્ષાની સ્પેશીયલ એમ્પાવર કમિટિની પુન: રચના કરવા આથી ઠરાવવામાં આવે છે.

સદર કમિટિને વહીવટી તેમજ નાણાંકીય તમામ નિર્ણયો લેવા અને ખર્ચ મંજુર કરવાના અને ચૂકવણા કરવાના નિર્ણયો કરવાના અધિકારો રહેશે. સ્પેશીયલ એમ્પાવર સત્તાઓ અધ્યક્ષશ્રી હસ્તક રહેશે.

ઉપરોક્ત કમિટિ ઈચ્છે તો કોઈપણ તજજ્ઞ / સલાહકારને આમંત્રિત તરીકે બેઠકમાં હાજર રાખી શકશે.

**રાજ્યકક્ષાની સ્પેશીયલ એમ્પાવર કમિટિ**

| અ. નં. | વિગત | હોદો |
|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી અને અગ્ર સચિવશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨ | કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૩ | વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | કન્વીનર |
| ૪ | મુખ્ય ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫ | મુખ્ય ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬ | હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૭ | સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૮ | નાણા સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૯ | કાર્યપાલક ઈજનેરશ્રી (આયોજન) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| ૧૦ | મદદનીશ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૧ | હિસાબી અધિકારીશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૨ | શ્રી હિમાશું પરીખ આર્કીટેકશ્રી | આમંત્રિત સભ્યશ્રી |

ડી.જે.ધારૈયા
અધિક સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, પંચાયતના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયતનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી, (પંચાયત) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી (આયોજન), ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- મદદનીશ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- હિસાબી અધિકારીશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- શ્રી હિમાશું પરીખ આર્કીટેકશ્રી (મારફત : ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ)
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ